## વિદેશમાં મેડિકલ સારવાર માટે ફોરેન એકસચેન્જ મેવવાની પ્રક્રિયા સરળ

**6 સપ્ટેમ્બર, 2002**

ભારતમાં રહેતા લોકોને વિદેશમાં સારવાર કરવા માટે જરૃરી ફોરેન એકસચેન્જની પ્રક્રિયાને સર બનાવવાનું રિઝર્વ બેંકે નક્કી કર્યું છે. સમયના વ્યય અને પરેશાની વિના મેડિકલ ટ્રીટમેન્ટ માટે જરૃરી નાણાં મી રહે તે માટે માન્યતા પ્રાપ્ત ડિલર્સ 50,000 યુએસડોલર્સ સુધીની રકમ આપી શકશે તેવો નિર્ણય લેવાયો છે. ભારત બહાર સારવાર માટે ફોરેન એકસચેન્જ સરળ બનાવાશે. આ માટે ડોકટર કે હોસ્પિટલનું અંદાજિત ખર્ચનું એસ્ટિમેન્ટ આપવાની જરૃર રહેશે નહીં. ફકત અરજીકર્તાએ પોતાની જરૃરિયાત જણાવવાની રહેશે અને તેને ફોરેન એકસચેન્જ સામે ચેક આપવાનો રહેશે અથવા તો તે રકમ અરજીકર્તાના ખાતામાં ઉધારાશે.

હાલના નિયમ મુજબ ફોરેન એકસચેન્જ ભારત બહાર સારવાર માટે જોઈતા હોય તો સારવારના ખર્ચની અંદાજિત રકમ ડોકટર કે હોસ્પિટલ તરફથી માગવામાં આવે છે.

ધ રિઝર્વ બેંક આ હાલના નિયમમાં ફેરફાર કરી તેને સરળ બનાવ્યો છે. ભારતમાં રહેતા લોકો વિદેશમાં મેડિકલ સારવાર લેવા જાય તે માટે જરૃરી ફોરેન એકસચેન્જ માટે તેને હોસ્પિટલ કે ડોકટરનું એસ્ટિમેન્ટ આપવું નહીં પડે. આ નિર્ણય નિયમને સરળ બનાવવા માટે લેવામાં આવ્યો છે.

માન્યા પ્રાપ્ત ડિલર્સને સુધારેલા નિયમ અને પ્રક્રિયા વિશે વિસ્તૃત માર્ગદર્શન મોકલવામાં આવ્યું છે.

**અલ્પના કિલ્લાવાલા**

**મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2002-2003/264**